ગાંધીજીના વિચારોનું એક અવલોકન

[જૈન દ્રષ્ટિએ અહિંસા

શ્રી ચિત્તભિક્ષુ

જૈન દૃષ્ટિયે અહિંસા
અને
ગાંધીજીના વિચારોનું
એક અવલોકન

*

'શ્રી જિણ ભિક્ખૂ'

વીર સં. ૨૪૭૦] [વિ. સં. ૨૦૦૦

णमो सव्वन्नूणं जिणाणं

પ્રાસંગિક

રાજકારણની દૃષ્ટિયે ગાંધીજીના કોઈપણ વિચારોની સમીક્ષા કરવાની મારે જરૂર ન હતી-નથી. પણ જ્યારે અહિંસા કે કોઈપણ ધાર્મિક લોકોત્તર વિષયોને અંગે તેઓને કાંઈ બોલતા કે લખતા હું સાંભળું છું કે વાંચું છું, ત્યારે તેને અંગેની જનસમાજમાં તેમના દ્વારા જાણે-અજાણે ઉભી થતી ગેરસમજો કે ભ્રમણાઓને ટાળવા યોગ્ય પ્રતિકાર કરવાનું મન થાય છે. તેના એકાદ હળવા પ્રયત્નરૂપ આ પુસ્તિકાનો જન્મ છે, એમ કહી શકાય.

મુંબઈ-લાલબાગ ખાતે ૧૯૯૫ ના ચાતુ-ર્માસાર્થે સ્થિરતા હતી. તે દરમ્યાન માંગરોળ

નિવાસી સુશ્રાવક શ્રી **નેમિદાસ અભેચંદે,** ગાંધીજીને એક રજીસ્ટર પત્ર લખી, અહિંસા વિષે તેઓના વિચારોને અંગે કેટલીક ચોખવટ માંગેલી. તે પત્ર, મેં મારી ભાષામાં જે વિચાર-સંકલના પૂર્વક ટુંકમાં તૈયાર કર્યો હતો. તે પત્ર આ પુસ્તિકામાં અહિં શરૂમાં પ્રસિદ્ધ થયો છે. તદુપરાંત તેને અંગેનું કેટલુંક સાહિત્ય [જે ૧૯૯૭ માં મુંબઇના દરિયાઈ વાવાઝોડાના પ્રસંગે] જીવદયાના ફંડ ફાળાનો ગાંધીજીની પ્રેરણાથી જે દુરૂપયોગ થયેલો તેને અંગે ટુંકમાં મેં તે વેળાયે લખેલું તે પણ આ સાથે, જરૂરી હોવાથી ફરી સંસ્કરણ દ્વારા પ્રસિદ્ધ થયું છે. આશા છે કે, અભ્યાસક વર્ગ સહૃદયતા પૂર્વક વાંચી, વિચારી યોગ્ય માર્ગદર્શન મેળવો !

મારી ધારણા છે કે, યોગ્ય અવસરે અહિંસા અંગે પ્રસિદ્ધ થયેલા ગાંધીજીના **બીજાં** લખા-

ણોની યોગ્ય સમીક્ષા કરી જિજ્ઞાસુ, નિષ્પક્ષ વિચારક વર્ગને સાચો રાહ સ્પષ્ટ કરવો. એ અવસર પ્રાપ્ત થાઓ ! એજ અભિલાષા,

નગીનદાસ હૉલ

પાટણ (ઉ. ગૂજરાત) **મુનિ કનકવિજય**

માગશર વદિ ૧૦

જૈન દૃષ્ટિએ અહિંસા
અને
ગાંધીજીના વિચારોનું
એક અવલોકન

ગાંધીજીની સાથે પત્ર વ્યવહાર

૧

સવિનય જય જિનેન્દ્ર : આપની સેવામાં મારા વિચારો આપને નીચે મુજબ હું રજુ કરૂં છું. કેવળ આપના સ્પષ્ટ વિચારોને જાણુવા માટે નિખાલસભાવે આ પત્ર હું લખી રહ્યો છું. સમય મેળવીને આને અંગે સંતોષકારક ખૂલાસો જાહેરમાં પાઠવવા કૃપા કરશો. આપ જેવાની પાસે આટલી આશા વધારે પડતી ન કહેવાય.

હું જૈન છું. કેવળ સંપ્રદાયદૃષ્ટિયે નહિ પણુ વિચારકદૃષ્ટિયે જૈનધર્મના સિદ્ધાન્તો માટે મને નિષ્પક્ષ આદરભાવ છે. મારો આ પ્રામાણિકમત છે કે જૈનધર્મના સિદ્ધાન્તો પરત્વે

કોઈપણ નિષ્પક્ષ વિચારકને આદરભાવ જન્મવો સહજ છે.

આપ જેવા વિચારકને જૈનધર્મના સિદ્ધાન્તો પ્રત્યે આદરભાવ હશે જ. બનવાજોગ છે કે: 'રાજકારણની બાબતોમાં જીવન ગૂંથાયેલું હોવાને અંગે જૈનધર્મના સિદ્ધાન્તોનો ગુરૂગમથી અભ્યાસ કરવાનો અવસર કદાચ આપને ન પણ સાંપડ્યો હોય?'

અમારા ધર્મસંપ્રદાયમાં એક વર્ગ એવો છે કે 'જે આપના પરત્વે વ્યક્તિગત અનુરાગ ધરાવે છે. બેશક; દરેક ધર્મસંપ્રદાયોમાં હાલ એવો એક વર્ગ છે. છતાંયે અમારા સંપ્રદાયનો વર્ગ તે બધાંયે કરતાં જુદી કોટિમાં છે. અમારા સંપ્રદાયનો આ વર્ગ આપને જ સર્વ-દ્દાંઇ માને છે. અમારા સંપ્રદાયના દેવ, ગુરુ

કે ધર્મસ્થંભ આપ જ છો. એમ આ વર્ગ ચોક્કસરૂપે માને છે. એ મુજબનો પ્રચાર કરે છે.

અમારા દેવ શ્રી મહાવીરપરમાત્મા જેને અમે વર્તમાન અવસર્પિણીકાલના છેલ્લા તીર્થંકર તરીકે માનીયે છીએ, પૂજીયે છીએ. તે મહાવીરપરમાત્માની સમાન કક્ષાયે આપને મૂકવાને આજે આ વર્ગ તૈયાર છે. તેમજ શ્રી મહાવીરપરમાત્માના ત્રિકાલાબાધિત સનાતન સત્ય સિદ્ધાન્તોની સમાન કક્ષામાં આપના અહિંસા વગેરે સિદ્ધાન્તોને આ વર્ગ આજે મૂકી રહ્યો છે.

આ બધી બાબતો અમારા સમાજમાં બની રહી છે. આપનો અનુયાયીવર્ગ, આપના પરત્વેના વ્યક્તિગત અનુરાગથી આપના ગુણોની કે સિદ્ધાન્તોની પ્રશંસા પોતાની સમજ મુજબ કરે એનું એટલું દુઃખ ન હોય, પણ જ્યારે મર્યાદા લંઘાય, અનુરાગની આંધીમાં સર્વજ્ઞ

ભગવાન શ્રી મહાવીરપરમાત્મા અને તેઓશ્રીનાં ત્રિકાલાબાધ્ય સનાતન સિદ્ધાન્તોને અંગે આવા પ્રકારની તુલનાઓ કરીને ગેરસમજો ઉભી કરાય ત્યારે જૈનધર્મના સિદ્ધાન્તોને માટે આદરભાવ ધરાવનાર વિચારકોને અવશ્ય મનોદુઃખ થાય.

વાસ્તવિક હકીકત એ છે કે, 'અહિંસાના નામે ઓળખાતો આપનો સિદ્ધાન્ત, અમારા ધર્મના અહિંસાના સિદ્ધાન્તથી તદ્દન વિરૂદ્ધ છે. જેને હળવી ભાષામાં કહીયે તો ભિન્ન છે. જૈનધર્મનો અહિંસા સિદ્ધાન્ત કેવળ આધ્યાત્મિક વસ્તુ છે. કોઈ જીવને દુઃખી કરવાની કે પીડા ઉપજાવવાની વૃત્તિ અને પ્રવૃત્તિઓનો મન, વાણી અને કાયદ્વારા સ્પષ્ટ નિષેધ કરવો—એ નિષેધને જીવનમાં ઉતારવો—એ જૈનધર્મની અહિંસાનું

સામાન્ય-સ્થૂલ સ્વરૂપ છે. જ્યારે આ અહિંસાનું સૂક્ષ્મ સ્વરૂપ ખૂબ ઉંડું છે. મારા જેવા સામાન્ય અભ્યાસી કોરા કાગળો પર એનું વિવેચન ઉતારવાનું સામર્થ્ય ન ધરાવી શકે એમાં કાંઇ આશ્ચર્ય નથી.

આ થઇ પ્રાસંગિક વાતઃ મારા કથનનો મૂળ આશય એ છે કે 'આપનો અહિંસા સિદ્ધાન્ત, જૈનધર્મના અહિંસાતત્ત્વની સાથે કોઇ પણ પ્રકારનું અર્થથી સામ્ય ધરાવી શકે તેમ નથી.' આ વસ્તુને વધુ સ્પષ્ટતાથી જણાવું— 'આપની દરેક પ્રવૃત્તિઓ કેવળ રાજકારણને અંગેની છે. દેશની આઝાદીની ખાતર આપ જનસમાજને દોરવણી આપી રહ્યા છો, છેલ્લા કેટલાક વર્ષોથી રાજકારણની પ્રવૃત્તિઓમાં આપે અહિંસાના સિદ્ધાન્તને વહેતો મૂક્યો છે. તે પણ હિન્દીપ્રજાની સ્વતંત્રના જ કેવળ ઉદ્દેશથી.'

આપ પણ એ કબૂલ કરશો કે, 'રાજકારણની પ્રવૃત્તિઓ કેવળ આધ્યાત્મિક પ્રવૃત્તિઓથી પર છે. અધિભૌતિક ઉન્નતિનું ધ્યેય આવી પ્રવૃત્તિઓમાં ધરમૂળથી રહેલું છે. એટલે આવી કેવળ પૌદ્ગલિક—જડ પદાર્થોની ઉન્નતિનીસાથે જૈનધર્મની અહિંસાનો સંબંધ રહી શકતો નથી. આપનો અહિંસા સિદ્ધાન્ત અવશ્ય અમુક રીતે ખમી ખાતા શીખવે છે. પણ એના ઉંડાણમાં કેવળ આધિભૌતિક સ્વાર્થ પૂર્વકની મુત્સદ્દિતા રહેલી છે.

'અધિક બળવાન અને સશક્ત માણુસ સ્હામો હલ્લો લાવે ત્યારે નિર્બળ માણુસે ખમી ખાવું' એ મુજબના સામાન્ય લોકવ્યવહારની કડીરુપ આપનો અહિંસા સિદ્ધાન્ત બેશક ભૌતિક પ્રવૃત્તિઓ સાથેજ સંકળાઇને રહેલો છે, આમ માનવામાં હું સાચો છું. હા,

કદાચ આપનો અહિંસા સિદ્ધાન્ત આના કરતાં કોક અવસરે કાંઈક વધુ કદાચ આગળ વધતો હશે ? પણ છતાં કેવળ જાતના રક્ષણ સિવાયની બીજી ઉત્તમ ભાવના આમાં પુખાતી નથી. વળી આપના આદેશ મુજબની મહાસભાની ચોમેરની પ્રવૃત્તિઓ, શરીર, દેશ, અર્થકારણ અને રાજકારણ વગેરેમાં ગૂંથાઈને રહેલી નજરે જોઇ શકાય છે.

બીજું: આપનો અહિંસા સિદ્ધાન્ત કે જે મહાસભાની પ્રવૃત્તિઓ દ્વારા અમલમાં આવે છે, તે કેવળ હિન્દના માનવોની દયામાં જ પર્યાપ્ત બને છે, જ્યારે જૈનધર્મનો સિદ્ધાન્ત વિશ્વના—લોકના સમગ્ર આત્માઓની સાચી, નિર્ભેળ, વાસ્તવિક દયા પર કેવળ શબ્દથી નહિ પણ શબ્દ તેમજ અર્થં ઉભયથી રહેલો છે. જૈનસિદ્ધાન્ત મુજબ ચૌદ રાજલોકમાં

જીવો વસેલાં છે. 'સર્વલોકવર્તિ સઘળાંયે જીવોનાં દશેય પ્રકારના પ્રાણોમાંથી કોઈપણ એક પ્રાણનો નાશ ન કરવો, ન કરાવવો કે કરનારને મન, વાણી યા કાયાથી સહકાર ન આપવો' આ જૈનધર્મનો અહિંસા સિદ્ધાન્ત છે.

એ દશ પ્રાણો આ મુજબ છે: (૫) પાંચ ઇન્દ્રિયો, મનોબલ, વચનબલ, કાયબલ, શ્વાસો-શ્વાસ અને આયુષ. માનવસમાજ કે કેવળ હાલતાં ચાલતાં જીવોની જ પ્રાણરક્ષાનો આ સિદ્ધાન્ત નથી. નિરપરાધીની યા જાણીબૂઝીને થતી હિંસાનો જ ફક્ત નિષેધ આમાં નથી. પણ 'ત્રસ કે સ્થાવર—જેવા કે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે નિરપરાધી કે સાપરાધીની જાણતાં કે અજાણતાં સર્વપ્રકારે પ્રાણહિંસા ન થવી જોઇએ.' જૈનધર્મનો અહિંસા સિદ્ધાન્ત આ મુજબનો છે.

જો કેઃ જૈનધર્મમાં માનનારો સમગ્ર અનુયાયીવર્ગ, આ મુજબની અહિંસાનું પાલન, દરેક રીતે પરિપૂર્ણ નથી કરી શકતો આ કારણે જૈનધર્મના અનુયાયીવર્ગના બે મુખ્ય પ્રકારો તેના અધિકારભેદથી પડેલાં છે. આમાંનો પ્રથમ પ્રકાર સાધુવર્ગનો છે. આ વર્ગ, જૈન-ધર્મની અહિંસાનું ચુસ્તરીતે મક્કમતાપૂર્વક પાલન કરવાને તૈયાર રહે છે. એના પાલનને સારૂ, આ વર્ગને પાંચ પ્રકારના મહાવ્રતો અને બીજા ઉત્તરવ્રતોને અડગતાથી સાચવવાના હોય છે. આથી જૈનસાધુવર્ગ, કોઈ પણ પ્રકારની ભૌતિકપ્રવૃત્તિઓમાં લાગ લઇ શકે નહિ, આમ કરવામાં તેના પાંચ મહાવ્રતોની રક્ષા થઇ શકતી નથી.

કારણ કેઃ દેશ, શરીર, ધન, કુટુંબ વગેરેના પૌદ્ગલિક–ભૌતિક સ્વાર્થની પ્રવૃત્તિઓમાં

ભાગ લેવાથી, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા અને લોભ વગેરેને વશીભૂત બનવું પડે છે. એટલે એથી પરંપરાયે, એ સાધુવર્ગ સ્વીકૃત-અહિંસાધર્મથી પતિત બને છે. આ રીતે જગતથી જો કે તે સાધુવર્ગ અલગ પડેલો જણાય છે. એકલપેટો લાગે છે. છતાંયે વાસ્તવિક દૃષ્ટિયે સાચો વિશ્વંભર આ સાધુવર્ગ છે. **જગતમાં પોતાપણું માનનારો અને આચરનારો પણ સાચી રીતે આ સાધુ-સમાજ છે.**

જ્યારે ગૃહસ્થવર્ગ, આવા પ્રકારની અહિં-સાનું પાલન સર્વથી કરી શકે તેમ નહિ હોવાને અંગે, તેને માટે અહિંસાનું પાલન કાંઇક નરમ છે. આથી જગતના લોકવ્યવહા-રોમાં સ્વાર્થપૂર્વક ભાગ લેવાને અંગે, સંસારની પ્રવૃત્તિઓમાં રાગ, દ્વેષ, હિંસા, જૂઠ, ચોરી

વગેરે પાપોનું સેવન, એ વર્ગના હાથે સ્હેજે થઈ જાય છે, આદર્શ અહિંસાધર્મથી તે દૂર રહી જાય છે, આ કારણે તે પ્રાયશ્ચિત્તનો ભાગીદાર બને છે.

આટલું લંબાણ કરવાની મારે જરૂર હતી. આપ સમજી શકશો કે, જૈનધર્મના અહિંસા સિદ્ધાન્તમાં સંગીનતા, સંવાદિતા અને અહિંસાની અખંડ મર્યાદા વ્યવસ્થિત રીતે જળવાઈ રહ્યાં છે. આ કારણે જૈનધર્મની બીજી પણ તત્ત્વવ્યવસ્થા ખૂબ ગંભીર અને નક્કર છે. જીવ, અજીવ વગેરે તત્ત્વોની જે સૂક્ષ્મ વિવેચના જૈનધર્મે કરી છે, તે લોકોત્તર અહિંસાના સિદ્ધાન્તને સ્હમજવાને અને જીવનમાં ઉતારવાને સારૂ જ.

જ્યારે આપના અહિંસા સિદ્ધાન્તમાં, આવી કોઈપણ પ્રકારની સંગીન કે સંવાદી

તત્ત્વવ્યવસ્થા હોય એમ મને લાગતું નથી. કેવળ માનવદયાની દેખીતી રીતોમાં જ આપ માનો છો. અને અવસરે માનવસમાજની કહેવાતી રક્ષાની ખાતર અપરમાર્થિક માનવદયાની ખાતર, બીજા નિર્દોષ જીવોનો ભોગ લેવાની-નાશ કરવાની હિંસક કારવાઈને આપ અહિંસાના પ્રયોગ તરીકે ઓળખાવો છો. કેટલીક વેળાયે આમાં અહિંસાના વાસ્તવિક તત્ત્વજ્ઞાનની શૂન્યતા પણ તરી આવે છે. વાછરડા પ્રકરણ, વાંદરા પ્રકરણ, કુતરા પ્રકરણ વગેરે પ્રસંગો તેના ઉદાહરણરૂપે છે.

છેવટે આપને હું એટલું કહીશ કે 'જૈનધર્મનો અહિંસાસિદ્ધાન્ત અને આપનો અહિંસાસિદ્ધાન્ત આ બન્ને પરસ્પરના તદ્દન ભિન્ન રીતે વહેતા પ્રવાહો છે. હા, આ વાત

સાચી છે કે જૈનધર્મનો અહિંસા સિદ્ધાન્ત, સૂક્ષ્મતરદૃષ્ટિથી ગ્રાહ્ય અને લોકોત્તર છે. આ કારણે સાધારણ જનસમાજને અવશ્ય અતડો પણ લાગે. જ્યારે આપનો સિદ્ધાન્ત લોકરૂચિને અનુકૂળ અને શસ્ત્ર વિનાની હિન્દી પ્રજાને સ્હેલાઈથી ગમી જાય તેવો છે. આ મારૂં નમ્ર મન્તવ્ય છે. આપની દૃષ્ટિયે કદાચ હું ભૂલતો પણ હોઉં, આની સ્પષ્ટતા ખાતર આપને મારો અવાજ ટુંકાણમાં મેં સંભળાવ્યો છે.

યોગ્ય અને ઘટિત પ્રત્યુત્તર આપશો. આપના અનુયાયી વર્ગને તથા સર્વકોઈને સરળભાવે માર્ગદર્શન આપના તરફથી મળે એજ એક ઇચ્છાથી આ પ્રયત્ન મેં કર્યો છે. આપના વ્યક્તિત્ત્વને સ્હેજ પણ આવરવાની મારી ઇચ્છા નથી. મારા વિચારોને તથા અમારા સંપ્રદાયિક સિદ્ધાન્તોને આ ટૂંક

લખાણમાં હું જોઇએ તે રીતે કદાચ સ્પષ્ટ કરી શક્યો ન હોઉં. કારણ કે: જૈનધર્મની અહિંસાનો વિષય અતિશય સૂક્ષ્મ અને ગંભીર છે. આ કારણે તે ખુબ જ છણાવટ માગી લે છે. તો પણ હું માનું છું કેઃ આપ મારા કથનનાં હાર્દને પામી શકશો. એજ.

---

[૨]

આપશ્રીને મેં, અગાઉ તા. ૧-૫-૪૩ ના રોજ એક પત્ર પાઠવ્યો હતો. આ વાતને આજે મહિનાઓ થયા. જો કે: અનેક પ્રકારનાં વ્યવસાયોમાં આપ સદાકાલ રચ્યાપચ્યા હો છો, આથી મારી વસ્તુને અંગે જવાબ આપવામાં આપને માટે વિલંબ અનિવાર્ય છે.

છતાંયે હું 'હરિજન', 'હરિજનબંધુ' વગેરેમાં જોઇ શકું છું કે: લેખન અને પ્રત્યુત્તરનો વ્યવસાય હજુ પણ આપે વેગપૂર્વક રાખ્યો છે. આથી હું આશા રાખું છું કે: આમાંની વસ્તુનો જાહેર કે ખાનગી ઘટિત પ્રત્યુત્તર મળશે જ.

વળી 'હરિજનબંધુ' ના તા. ૧૪–૯–૪૦ ના અગ્રલેખમાં 'મહાસભાની અહિંસા' આ શિર્ષક હેઠળ જે લખાણ આપ્યું છે, તે લખાણ હજુ અસ્પષ્ટ રહે છે, મને જો મારા પત્રના પ્રત્યુત્તરરૂપે તે હોય તો મારે કહેવું જોઇએ કે તે છેક જ અસ્પષ્ટ છે.

ફરી આજે મૂળ પત્રની નકલરૂપ પત્ર આપની સેવામાં પાઠવું છું.

૨

વર્તમાનની હિન્દી મહાસભાના સર્વસ્વ અને સંપૂર્ણ આજે **ગાંધીજી** છે, એ વાત સ્પષ્ટ અને સત્તાવાર સિદ્ધ છે. સઘળાયે મહાસભામાં માનનારા આગેવાનોએ મહાસભાનું સુકાન ગાંધીજીને જ સોંપી દીધું છે. ‘ગાંધીજી બોલે છે એટલે મહાસભા બોલે છે અને મહાસભા બોલી એટલે ગાંધીજી બોલ્યા’ એ વસ્તુ તદ્દન દિવા જેવી ઉઘાડે છોગે નજરે જોઇ શકાય છે.

આથી મહાસભાની અહિંસા વિષેના ગાંધીજીના વિચારો, પોતાના ખુદના વિચારો

છે, આમ માનવામાં કાંઈ જ ભૂલવાપણું નથી રહેતું. આ નીચે સારરૂપે રજુ થતું 'હરિજન-બંધુ'માંનુ ગાંધીજીનુ લખાણુ, ગાંધીજીની અહિંસાને સ્પષ્ટ કરે છે, ગાંધીજીના પોતાના અહિંસા વિષેના વિચારો જૈનધર્મની અહિંસાથી કેટલી રીતે ભિન્ન તેમજ વિરૂદ્ધ છે, એ આથી સમજી શકાશે. તેઓ 'હરિજનબંધુ'માં અહિંસાને અંગે કેટલુંક જણાવે છે, કે:

'મેં મહાસભાની અહિંસાની મર્યાદા આંકી છે. મહાસભા ધર્મની સંસ્થા નથી. એ રાજ્યપ્રકરણી સંસ્થા છે. તેની અહિંસાની મર્યાદા માણસો સાથેના સંબન્ધ સુધી છે. જો અહિંસાને એથી આગળ લઇ જવામાં આવે તો મહાસભામાં હિન્દુ સિવાય બીજા આવી ન શકે. એટલું જ નહિ પણ હિન્દુમાંથી પણુ કેવળ જૈન અને વૈષ્ણવ જ

આવે. કરોડો માંસાહારી, મત્સ્યાહારી હિન્દુઓ બાતલ થઇ જાય.'

'મનુષ્યથી આગળ અહિંસાને લઈ જતાં 'બાવાનાં બેય બગાડવાં' જેવું થવાનો સંભવ છે. એ અહિંસાને વ્યાપક થતાં ઘણો સમય જવાનો છે. સાધકોને સારૂ એનો ઉપયોગ છે જ. પણ સામાન્ય જનતામાં જો એક બીજા પ્રત્યે પ્રેમભાવ ઉત્પન્ન થાય અને કોઇ કોઇને દુશ્મન ન ગણે તો હું એમ માનું કે મનુષ્ય બહુ આગળ વધેલું પ્રાણી છે. એટલું પણ યાદ રાખવાનુ છે કે–આપણે માત્ર જીવદયા પાળીને કામક્રોધાદિ જીતી શકવાના નથી. એ છ શત્રુને જીતવા સારૂ તો મનુષ્યની મનુષ્ય પ્રત્યેની અહિંસા જ કામ આવે છે.'

'જે માણસે એ છ શત્રુને જિત્યા છે અને

જેનાં મનમાં મનુષ્ય માત્ર પ્રત્યે પ્રેમ જ વસે છે, જે પોતાના અનેક પ્રકારના વ્યવહારમાં પ્રેમનોજ પ્રયોગ કરે છે તે **માંસાહાર કરતો છતો હજાર વંદનાને લાયક છે.** અને જે કામક્રોધમાં લપટાયેલો જગતને છેતરી પોતાનો કાળ ગાળે છે, પણ રોજ કિડિયારાં પૂરે છે ને માંકણને પણ નથી મારતો તેની જીવદયાની કિંમત નહિ જેવી છે. કેમકે તેની જીવદયા આત્મજ્ઞાનમાંથી નથી નીકળતી, તે કેવળ રૂઢીને અનુસરનારી છે, કદાચ દંભી પણ હોય.'

હરિજનબંધુ તા. ૧૪–૯–૪૦

(૨)

જ્યારે મુંબઈમાં વાવાઝોડાનું તોફાન ગતવર્ષે થયેલ ત્યારે તે તોફાનમાં સપડાયેલા

લાચાર ભાઈઓને રાહત આપવાને સારૂ, મુંબઈની કોંગ્રેસ કમીટીએ રાહતફંડ ઉભુ કર્યું હતું. જીવદયાપ્રેમી ભાઇઓએ આ ફંડમાં કેવળ જીવરક્ષાની ભલી લાગણીથી પ્રેરાઈ પોતાનો ફાળો આપ્યો હતો. તેનો ઉપયોગ મુંબઈની કોંગ્રેસે માછીમારોને જાળો આપવામાં કરવાનું નિશ્ચિત કર્યું. તે અવસરે **મુંબઈ જીવદયા મંડળીના પ્રમુખ શ્રી લલ્લુભાઇ ઝવેરીએ** શ્રી ગાંધીજીની સાથે જે પત્રવ્યવહાર કર્યો હતો, તેનો સાર આ મુજબ છે.

'હાલની આપની જવાબદારી લક્ષ્યમાં રાખી ટુંકામાંજ નીચેની બાબત પ્રત્યે આપનું ધ્યાન ખેંચું છું. મુંબઈ પ્રાન્તિક કોંગ્રેસ કમીટીએ શરૂ કરેલાં 'સ્ટોર્મ રીલીફ ફંડ'માંથી માછીમારોને મછવા અને જાળો આપવાની યોજના થશે તેવું જાહેર થયું છે.'

'મારી સમજ મુજબ રાહતકાર્ય—રાહત-ફંડ એ અહિંસાના સિદ્ધાન્તનું સક્રિય સ્વરૂપ છે. પૈસા દેનારાઓ દયા—અહિંસાથી પ્રેરાઈને પૈસા આપે, સેવા કરનારાઓ સેવા આપે, આમ અહિંસાના પ્રયોગમાં માછીમારોને **'મછવા કે જાળો આપવામાં હિંસાને ઉત્તેજન હોઇ ધ્યેય અને સિદ્ધાન્તથી વિરૂદ્ધ છે.'** તેમને બીજે ધંધે લગાડીને પણ રાહતનું ધ્યેય પાર પાડી શકાય, તો પછી હિંસકોને હિંસાને ધંધે જ અહિંસાના સિદ્ધાન્તથી—(લાગણીથી) મળતી મદદમાંથી અહિંસકો લગાડે એ જરૂરનું નથી.'

'જો એ વ્યાજબી હોય તો સંકટમાં સપડાયેલા કસાઇને છરા દેવો કે દારૂબંધીથી બેકાર થયેલાને દારૂના વ્યાપાર માટે મદદ આપવી તેમાં શું માનવું? આ બાબતમાં

જરૂર પડે તારથી ધ્યાન ખેંચી અહિંસાના સિદ્ધાન્તને બંધ બેસે તે રીતેજ રાહત આપવા સૂચના કરશો.'

આના જવાબમાં મહાસભાના આગેવાન સંચાલક શ્રી ગાંધીજી આ મુજબ લખે છે—કે,

'કાગળ મળ્યો છે. કોંગ્રેસની અહિંસાની મર્યાદા 'હરિજન'માં બતાવી છે. તેનો આધાર રાજનૈતિક છે અને તે માનવ-જાતિના પરસ્પર સંબન્ધો સુધી જ પરિ-મીત છે. અપરિમીત પ્રાણીમાત્ર પ્રત્યે અહિં-સાની શરતે તો મુસલમાન, ખ્રીસ્તી, શીખ અને હિન્દુજાતિનો પણ અમુક મોટો અંશ મહાસભામાં ન રહી શકે.'

'પણ મહાસભા મુસલમાન, શીખ, ખ્રીસ્તીની પ્રતિનિધિ છે. તેમ માછીમારો, કસાઇઓની પ્રતિનિધિ પણ છે. દારૂના વેપારીની પ્રતિનિધિ

મહાસભા ન હોઇ શકે. કારણુ કે દારૂબંધીની નીતિ તેણે સ્વીકારેલી છે. એટલે સંકટનિવારણને અંગે માછીમારો અને બીજા ધંધા કરનારાઓમાં તેનાથી ભેદ નજ પડાય.'

તા. ૪-૧૧-૪૦ —ગાંધીજી.

જૈનધર્મની અહિંસા, સંપૂર્ણ અને વાસ્તવિક છે. કોઇ પણ જીવની હિંસામાં જૈનધર્મ પોતાના આત્માની હિંસાને સ્વીકારે છે. આ કારણે છ પ્રકારના જીવોની હિંસાનો; મન, વચન, કાયાથી જે આત્માઓ ત્યાગ કરે છે, તે આત્માઓ ત્રિવિધ યોગે જીવની રક્ષા કરવા પૂર્વક સાચા અહિંસક બને છે. અહિંસાનું સનાતન અને પારમાર્થિક સ્વરૂપ આ છે. અહિંસાના નિજસ્વરૂપને સગવડતા મુજબ, ખંડિત બનાવી તેના એકાદ અંગનેજ પૂર્ણ અહિંસા માનવી એ અહિંસાની જ મશ્કરી

છે. આ રીતે અપંગ અહિંસાને માનનારા-મનાવનારા પુરૂષોની અહિંસા વિષેની વાતો ભદ્રિક જનસમાજને માર્ગવિમુખ બનાવનારી છે. સંપૂર્ણ અહિંસાના પતિત પાવન માર્ગથી ડગાવી દેનારી છે. આમ અહિંસાના વાસ્તવિક સ્વરૂપનો ધીરે ધીરે હ્રાસ થશે. અહિંસા કેવળ હિંસાનું જ નવું રૂપાન્તર બનતું જશે. જે આજે બેશક બની ચૂકયું છે.

માનવો માટેની આજની અહિંસા, આવતી કાલે બેશક વધુ મર્યાદા મૂકશે, એટલે સગવડ મુજબ એ અહિંસા વધારેને વધારે સંકુચિત બનતી જશે. ત્યારે ભય રહે છે કે ગાંધીજીની કહેવાતી આ અહિંસા આ રીતે સગવડ મુજબ ક્રમશ સંકુચિત બનતી છેવટે કેવળ નિજના ઐહિક સ્વાર્થમાંજ પર્યાપ્ત થશે. જેમ આજે મર્યાદિત અહિંસાવાદી યુરોપની પ્રજાઓ

ખોરાકને નામે, વિજ્ઞાનને નામે અને મોજ-મજાહને નામે કે કેવળ પોતાના જ જીવતરની ખાતર માનવથી માંડી યાવત્ જીવમાત્રની હિંસામાં નીતિ કે ધર્મનો વિરોધ સ્વીકારતી નથી. વળી બૌદ્ધધર્મીઓ પ્રાણી મારવામાં હિંસાનું પાપ માને છે, જ્યારે બીજાના મારેલા પ્રાણીનું માંસ ખાવામાં હિંસા થતી કબુ-લતા નથી.

બીજું ગાંધીજી આપણને સમજાવે છે કે: 'માંસ ખાનારો અહિંસક રહી શકે છે, માંસાહાર કરતો પણ હજાર વંદનાને લાયક છે. પણ કામક્રોધમાં લપટાયેલો જ હિંસક છે.' વારૂ, ત્યારે એ માંસાહાર કરનારમાં કઇ રીતે કામ, ક્રોધ વગેરે છ શત્રુને જીતવાની કળા કે સામર્થ્ય પ્રકટયાં ? માંસાહાર કે જે કેવલ હિંસક આહાર ગણાય છે, દેખીતી રીતે

જે આહારને કરવાવાળાઓ નિર્દોષ જીવોની કતલમાં પોતાની સમાન ભાગીદારી નોંધાવે છે, તે આહારમાં ગાંધીજી કશું જ પાપ કે અયોગ્યપણું જોઈ શકતા નથી—યા માનતા નથી કે ? ખરેજ ગાંધીજીનું તત્ત્વજ્ઞાન કોઇ નવી જ વિચારસરણીમાંથી ઉભું થયેલું છે, એમ કહી શકાય. આ રીતે બાહ્ય આચારોને કેવળ હસી કાઢવામાં કે ઉપેક્ષા સેવવામાં ગાંધીજી સમાજ અને ધર્મની સૈદ્ધાન્તિક મર્યાદાઓનો ભંગ કરી રહ્યા છે. કારણ કે આ મુજબના પ્રતિપાદનથી ગમે તેવા સુંદરમાં સુંદર આચારોની કે તેના પાલનની મહત્તા જનસમાજના આચારપૂજક માનસમાંથી ઉડી જવાનો ભય રહે છે.

આજે ગાંધીજી કહે છે કે, 'માંસાહાર કરનારો પણ વંદનીય છે, કાલે દારૂમાં માનનાર

કોઈ કહેશે કે 'દારૂને પીનારો પણ અવશ્ય વંદનીય છે.' વળી કોઇ ખાદીમાં નહિ માનનારો કહી શકશે કે 'વિલાયતી વસ્ત્રો પહેરવા છતાંયે અવશ્ય દેશપ્રેમી રહી શકાય છે.' આગળ વધીને ગાંધીજીની દોરવણીમાં નહિ માનનારો વર્ગ ગાંધીજીની જેમ આ રીતે પ્રામાણિક વિધાન કરી શકશે કેઃ—**ચરખો નહિ ફેરવનાર, હરિજન સહકાર નહિ કરનાર કે મહાસભાનો સભ્ય નહિ રહેનાર પણ અવશ્ય હજારો વંદનાને લાયક બની શકે છે.** કામક્રોધાદિને તે જીતે છે.' માટે આવી આવી કેવળ લોકોને ધર્મના કે નીતિના પવિત્ર આચારોથી પરાઙ્-મુખ બનાવી દેનારી બાલીશ વાતોથી ગાંધીજી સાચે જ દેશ, ધર્મ કે સમાજની કુસેવા કરી રહ્યા છે. આમ અમારે અવશ્ય કહેવું જોઇએ.

સાચેજ ગાંધીજીની આવી આવી વાતો, કેવળ ધડ વિનાના માથા જેવી, **मे माता वन्ध्यानी** માફક પરસ્પરના મેળ વિનાની અસંગત અને અબુઝ તેમજ અન્ધ શ્રદ્ધાળુ માનવસમાજને સત્ય અહિંસાના સનાતન, નિષ્પાપ આચાર વિચારોથી અવળે રસ્તે દોરી જનારી છે.

વર્તમાન તીર્થપતિ દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ જગત-માત્રના ભવ્ય જનસમૂહને ઉદ્દેશીને આ મુજબ સ્પષ્ટ પ્રતિબોધ્યું છે કેઃ—'सव्वे जीवा वि इच्छंति जीविउं न मरिज्जिउं, तम्हा पाणवहं घोरं निग्गंथा वज्जयंति णं'—સર્વ જીવો જીવવા ઈચ્છે, મરવા ઇચ્છતા નથી. માટે સાધક પુરૂષોએ ઘોર પાપકર્મરૂપ જીવમાત્રની હિંસાને ત્યજી દેવી જોઇએ.' અહિંસાધર્મનો આજ સાચો સંદેશ જગત્ માત્રને માટે પરમ તારક છે. આ સંદેશની

હિતકર વાણીને આજે રૂંધવાના પ્રયાસો ભારતવર્ષમાં ચોમેરથી થઇ રહ્યા છે. ગાંધીજી જેવા પુરૂષ, ખેદની વાત છે કે આ પ્રયાસોની પાછળ પોતાનો પ્રાણ પૂરી રહ્યા છે. આ વસ્તુ સાદી સમજમાં કદાચ ન ઉતરે પણ સૂક્ષ્મ વિચારણાને અન્તે આનું રહસ્ય પામી શકાય છે. ગાંધીજી ખુદ, અહિંસાના મર્મને, પ્રાણને કે સ્વરૂપને હજુ નથી સમજી શક્યા. ફક્ત રાજદ્વારી પુરૂષ તરિકે, આજે એઓ સફળ કાર્યકુશળ બની શક્યા હશે પણ **ધર્મની–અહિંસા–ધર્મની વાતોમા એઓની દોરવણી નિષ્ફળ પુરવાર થઇ છે. તેઓના અન્ધશ્રદ્ધાળુ અનુયાયીઓના** હૈયામાં આ સત્ય વાત કેમે કરીને પણ નહિ જ ઉતરી શકે, એમ અમારૂં માનવું છે.

ગાંધીજી સાચી અહિંસાને મરડવાકે, મચ-

ડવાની નિષ્ફળ કોશીશો આ રીતે વારંવાર કરે છે. પણ સાચી વાત એ છે કેઃ અહિંસા તે અહિંસા જ રહેવાની છે. કોઈપણ કારણે ખાવા પીવા કે પહેરવા ઓઢવામાં જરૂરી કે બીનજરૂરી કોઇપણ ત્રસ કે સ્થાવરજીવના પ્રાણનો નાશ કરવા, કરાવવા કે અનુમોદવા દ્વારા મન વાણી કે કાયાથી તે તે પ્રવૃત્તિ-ઓમાં આ રીતે ભાગ લેનારો અવશ્ય હિંસક બને છે. તે અહિંસક રહી શકતો નથી. ગાંધીજી આજે અહિંસાના આ શુદ્ધ આદર્શ-સ્વરૂપની સ્હામે નવીન મનઘડંત આદર્શ રજુ કરે છે. અહિંસાધર્મના પવિત્રતમ આદર્શના શ્રદ્ધાળુ પૂજકો માટે ગાંધીજીનું આ વર્તન બેશક અસહ્ય બને છે. હાથીના સંપૂર્ણ સ્વરૂ-પને ચક્ષુઓના અભાવે નહિ જોઈ શકનારાઓ તેના એકાદ અંગને જ હાથી ગણે અને

ગણાવે એ કેવળ તેમની સાધન—સામગ્રીઓની ન્યૂનતા અને અજ્ઞાનતાનો જ પૂરાવો છે. આજ રીતે સત્ય અને સંપૂર્ણ અહિંસાના એકાદ અંગને જ અહિંસા તરીકે માનનાર તેમજ મનાવનાર ગાંધીજી જેવા રાજદ્વારી પુરૂષોનો પ્રયત્ન પરમાર્થથી આત્મજ્ઞાનની અપૂર્ણતાનું જ પ્રતીક છે.

રાજકારણની ભૂમિકાવાળી અહિંસા આ રીતે ગાંધીજીના મન્તવ્ય મુજબ કેવળ માનવી માનવી વચ્ચેના સંબન્ધને જ વળગીને મર્યાદિત રહે, એ આ ભારતવર્ષની પ્રજાની અહિંસક લાગણીને માટે અતિશય આઘાતજનક લેખાય. વળી ગાંધીજી કહે છે કે: 'જેમ મહાસભા મુસલમાન, શીખ, ખ્રીસ્તીની પ્રતિનિધિ છે, તેમ માછીમારો, કસાઇયોની પ્રતિનિધિ પણ છે. એટલે સંકટનિવારણને અંગે માછી-

મારો અને બીજા ધંધા કરનારાઓમાં તેનાથી ભેદ ન જ પડાય.' આથી 'કેવળ જીવદયાની જ ભલી લાગણીથી પ્રેરાઇ જે ધનવાનોએ તેમજ અહિંસામાં માનનાર ધર્મપ્રેમી ભાઇઓએ પોતાની લક્ષ્મી, રાહતફંડની ઝોળીમાં આપી, એ જીવદયાપ્રમિઓની દયાવૃત્તિને દગો દઇને ગાંધીજીની રાહબરી નીચે ચાલતી કોંગ્રેસે ગાંધીજીની જ પોતાની અજ્ઞાને આધીન બની માછલાંઓને પકડવાની જાળોને તેનાથી ખરીદીને તે માછીમારોને આપી.'

આના સમર્થનમાં ગાંધીજી, જે દલીલો આપણી સામે ધીરેથી મૂકે છે તે દલીલો શું વ્યાજબી છે? જ્યારે મહાસભા માછીમારોની પ્રતિનિધિ છે, તો તે મહાસભા ચોરીનો ધંધો કરી પોતાનું પેટ ભરનારા શ્રમજીવી ચોરલોકોની પ્રતિનિધિ નથી શું? વેશ્યાવર્ગના

પ્રતિનિધિપણાને મહાસભાએ સત્તાવાર રીતે નકાર્યું છે શું ? હિન્દુસ્તાનમાં વસનારી આવી શ્રમજીવી પ્રજાઓના તે તે ધંધાઓને ઉત્તેજન આપવું એ મહાસભા જેવી હિન્દીપ્રજાની પ્રતિનિધિ સંસ્થાને માટે આવશ્યક નથી શું ?

'ગાંધીજી કહે છે એ સઘળુંયે ધર્મ, રાજકારણ કે સમાજ: દરેક દૃષ્ટિયે સૌ કોઇને સ્વીકાર્ય જ બનવું જોઇએ. એની સ્હામે શબ્દ પણ બોલી ન શકાય.' આવું ભૂત અમારા વિચારક માનસમાં હજુ પ્રવેશ્યું નથી. માટે જ ગાંધીજીની તરફથી અહિંસાને અંગે અમારી સ્હામે રજુ થતી વાતોને આજે અમારે વિવેચનની એરણ પર ઉતારવાની–ચકાસવાની આવશ્યક ફરજ બજાવવી પડે છે. અમે માનીયે છીએ કે: આ અમારો કર્તવ્યધર્મ છે. એમના

ચુસ્ત અનુયાયિઓના હૈયામાં આ અમીના ઘુંટડા નહિ ઉતરે છતાંયે નિષ્પક્ષ વિચારકોને, કે સત્ય ગવેષકોને આમાંથી જરૂર માર્ગદર્શન મળી રહેશે. આત્માની ઉંડાણુમાંથી આ શબ્દો લેખીનીદ્વારા ટપકે છે, શ્રદ્ધાપૂર્વકનું આ અમારૂં વિનીત મન્તવ્ય છે.

ગાંધીજીની દલીલોની સ્હામે હજુ અમારે ઘણું ઘણું કહેવાનું રહે છે. દારૂબંધીને અંગે ગાંધીજી બચાવ કરે છે કે: 'દારૂના વેપારીની પ્રતિનિધિ મહાસભા ન હોઇ શકે, કારણ કે દારૂબંધીની નીતિ તેણે સ્વીકારેલી છે.' ગાંધીજી આજે પોતાની મુત્સદ્દીભરી જબાન અને કલમથી, હિન્દુસ્તાનની ભલી પ્રજાના ભોળા હૃદયમાં પોતાનું સ્થાન અખંડ રીતે જમાવી શક્યા છે, આથી જ એમની

બે કુ પાંચ જેવી ઉપજાવી કાઢેલી વાતોને પણ આજે સૌ એકી અવાજે તહત્તિ કહીને ગુરૂ-વાક્યની જેમ સ્વીકારી લેવાને આતુર છે. આની સ્હામે બે કુ ચાર જેવી સીધી અને સૌમ્યભાષામાં થતી સરળ વાતોને સાંભળવાની પણ ધીરજ, તેમના અનુયાયી વિચારક ગણાતા અંધશ્રદ્ધાળુ વર્ગમાં નથી. કારણ કેઃ ગાંધીજીના કથનની સ્હામે સીધી સાદી ભાષામાં રજુ થતા કોઇના પણ પ્રામાણિક વિચારોને બે મીનીટ માટે પણ સાંભળી લેવાની કે વાંચી જવાની સહૃદયતા ગાંધીજીમાં માનનાર વર્ગના હૈયામાં હજુ નથી વસી શકી.

આ તકે આટલું અમારે સ્પષ્ટ કરવું જોઇએ, કે 'જો દારૂનું વ્યસન, અનિચ્છનીય છે. જ્યારે દારૂ એ જનસમાજનું મહાપાપ છે. આ કારણે હિન્દુસ્તાનની પ્રતિનિધિ હિન્દીમહા-

સભા, ગાંધીજીના આદેશને શિરોમાન્ય કરીને દારૂબંધીની નીતિને સ્વીકારે છે'. આના પરિણામે દારૂ પીનારી હિન્દીપ્રજા, દારૂનો ધંધો કરનાર હિન્દુસ્તાનનો જે મ્હોટો વર્ગ—આ વિશાલ માનવસમૂહના પ્રતિનિધિત્ત્વને મહાસભાએ તરછોડયું. રાજસત્તાના સૂત્રને હાથમાં લઈ બળાત્કારે હજારો—લાખોની સંખ્યાના હિન્દીપ્રજાજનોને બેકાર બનાવ્યા. નિરાધાર બનીને એમાંના કેટલાય લોકોએ આપઘાત કર્યાં. આ સઘળુંયે ગઈકાલના બનાવની જેમ બે આંખે જોનારની દૃષ્ટિ સ્હામે બની ગયું. આને અંગે મહાસભાને કે ગાંધીજીને કાંઇ જ પૂછી શકાય તેમ નથી. કારણ કેઃ દારૂબંધીની નીતિ તેણે સ્વીકારી છે. આ ગાંધીજીનો જવાબ છે—મહાસભા પાસે આજ દલીલ છે જો કે ગાંધીજીની દારૂબંધીની નીતિની

નિષ્ફળતા આજે પૂરવાર થઇ છે. આની સ્હામે ગાંધીજીના આ મુજબના જ બે શબ્દો કે 'દારૂ-બંધીની નીતિ મહાસભાએ સ્વીકારી છે'

મહાસભાએ સ્વીકારેલી દારૂબંધીની નીતિને અંગે અમારે કાંઈ કહેવાપણું રહેતું નથી. કારણુ કે 'દારૂબંધીમાં અમે માનનારા છીએ' પણુ કહેવું જોઇએ કે, આ દારૂબંધી એ દારૂનાં પાપ વ્યસનને દૂર કરવાનો પ્રયાસ હતો કે પરદેશી સરકારની ચાલબાજીની એક સોગઠી હતી. બીજું આ તકે અમે એ કહેવા ઇચ્છીએ છે કે: દારૂની જેમ માંસ ભક્ષણુ મહાપાપ છે, ભારતવર્ષનું મોટું કલંક છે. જંગલી અને ઘાતકી વ્યસન છે. કેવળ રસનાની ખાતર નિર્દોષ જીવોનો સંહાર એ માંસભક્ષણુને આભારી છે મહાસભાએ-

એ માંસબંધીની નીતિને આ કારણે

એક આર્યસંસ્કૃતિમાં આદરભાવ ધરાવનાર તરીકે સારૂ ન સ્વીકારવી જોઇએ ? આથી આપોઆપ મહાસભા માંસ ખાનારા અને વેચનારા હિન્દીલોકોની પ્રતિનિધિ નહિ રહી શકે, કારણ કેઃ દારૂબંધીની જેમ માંસબંધીની નીતિ તેણે સ્વીકારી છે. પણ ગાંધીજી કે મહાસભા આજે—કે ગઇકાલ સુધી, અમારાં કે કોઇના આવા સીધા સાદા કથનને ક્યાં સાંભળે છે ? ગાંધીજીના કાને આ શબ્દો પહોંચી શકશે કે કેમ ?

અમને જરૂર ભય રહે છે કેઃ અમારાં કે કોઇનાં સાચા શબ્દો ગુંગળાઈ જવાના, કેમકે ગાંધીજીના તરંગી વિચારોની સ્હામે અમારા આ શબ્દો પડકાર પાડે છે. ગાંધીજીના અહિંસા વિષેના વિચારો અમારા હૈયાને કંપાવે છે, આર્ય-દેશના સંસ્કારમાં જીવન જીવનાર કોઇ આર્ય-

હૃદયીનું આ કથન છે કે કોઇ હિંસામાં રચ્યાપચ્યા રહેનાર હિંસક માનવીનું ? ગાંધીજીનો આદેશ છે કેઃ 'માછીમારો કે કસાઇઓને જાળો કે હિંસાના ઉપકરણો ખુશીથી જીવદયા અંગેના ફંડફાળામાંથી આપી શકાય. કારણ કે મહાસભા તે લોકોની પ્રતિનિધિ છે' ગરીબ બિચારા દારૂનો ધંધો કરનારા હિન્દીપ્રજાજનો ! કે તેઓનો ધીકતો ધંધો મહાસભાએ દારૂબંધીની સ્વીકારેલી નીતિદ્વારા ચૂંથી નાખ્યો. છતાંયે મહાસભા કયું સફળ પરિણામ આણી શકી છે ? આની સ્હામે શું કાંઈ ન જ કહી શકાય ? ઘણું કહેવાપણું રહે છે, કહેવા જેવું શક્તિ મુજબ આ કટારોમાં અમે કહી દીધું. જે કહેવાયું છે તે અમારા સઘળાયે કથનનો આ જ પ્રધાનસૂર છે.

રાહતફંડની રકમનો ઉપયોગ મહાસભાએ જે રીતે કર્યો છે, અને ગાંધીજી એ વસ્તુનો જે રીતે બચાવ કરે છે, એમાં અમને તો બેશક વિકૃત માનસનાંજ સ્પષ્ટ પડછાયા દેખાય છે. કારણ કેઃ જીવદયાને જ્યારે ધર્મ તરીકે સ્વીકારવાને આપણે તૈયાર થયા, જીવરક્ષાનીજ પવિત્ર ભાવનાથી ફંડફાળા ઉભા કર્યા અને થયા. તો ગાંધીજી અને મહાસભાની નૈતિક ફરજ એ હતી અને છે કે: 'તેણે નિરાધાર થયેલા તે માછીમારોને તે તે રાહતફંડના નાણામાંથી બીજો કોઇ યોગ્ય રાહતનો માર્ગ શોધી આપવો હતો. જેમ દારૂના ધંધામાં જોડાયેલા પણ દારૂનો ધંધો ખરાબ હોવાને કારણે દારૂબંધી થયાબાદ બેકાર બનેલાઓને તેઓ બીજા વ્યવસાયમાં જોડાય એમાં મહાસભા વ્યાજબી-પણું ગણે છે. તેમ આ પણ બની શકે છે.

તો જ્યારે જીવદયામાં માનનારી પ્રજા કે જેણે ગાંધીજીની રાહબરી હેઠળની મહાસભાને–મુંબઇ પ્રાંતિક કોંગ્રેસ સમિતિને કેવળ જીવ-રક્ષણની ઇચ્છાથી પૈસો સોંપ્યો છે, તે પ્રજા એમ માને છે–સ્વીકારે છે અને એનું જીવ-દયાભર્યું હૈયું પુકારે છે કેઃ 'કતલખાનામાં જાનવરોને મારવાનો ધંધો ખરાબ છે, હિંસક છે, નિર્ઘૃણકાર્ય છે. માછલાંઓને મારવાનો ધંધો પણ અતિશય હિંસક છે' તો આ જીવ-દયાપ્રેમીઓની વિશ્વસ્ત લાગણીઓની ખાતર પણ ગાંધીજી કે મહાસભાઃ રાહતફંડમાંથી માછલાંઓને મારવાની જાળો ખરીદવાનું કાર્ય મોકુફ રાખી શકત. કારણ કે માછીમારોને સારૂ બીજી રીતે પણ સહાય અવશ્ય થઇ શકત. તો આ રીતે બીજાં પ્રાણીઓની પ્રત્યક્ષ હિંસા કરવાનો ધંધો કરનારાઓને તે જ ધંધે

બગાડીને જીવદયા પ્રેમી ભાઇઓની લાગણીને છેહ દેવાનું ગેરવ્યાજબી કાર્ય ગાંધીજીને અને મહાસભાને હાથે થયું છે, એ ખૂબજ મનો-દુઃખ ઉપજાવનારૂં નથી શું ?

ગાંધીજી વારંવાર આપણને આ મુજબ સમજાવે છે કેઃ 'મનુષ્યથી આગળ અહિંસાને લઇ જતાં બાવાનાં બેય બગડવાં જેવું થવાનો સંભવ છે' ગાંધીજીનું આ પ્રતિપાદન અતિશય કઢંગુ અને કેવળ તરંગી છે. જૈનધર્મની અહિંસા જે અનાદિકાલથી પરમાર્થ કલ્યાણના અનુપમ અને લોકોત્તર માર્ગ તરીકે પૂરવાર થઇ છે. તેનાં સંપૂર્ણ અને અખંડિત પાલનદ્વારા અનન્ત આત્માઓ ભૂતકાલમાં નિજનું હિત સાધી શકયા છે, વર્તમાનમાં સંખ્યાબંધ આત્માઓ સ્વનું કલ્યાણ સાધી રહ્યા છે, અને ભાવીકાલમાં અનન્ત જીવો પોતાનું હિત

સાધવાના છે, એ વાત નિઃશંક છે. એ અહિંસા સ્પષ્ટ રીતે સમગ્ર પ્રાણીમાત્રની દયાનો સંદેશ જગતને આપે છે.

કારણુ કે: જૈનધર્મની અહિંસામાં આજ એક ખાસ વિશિષ્ટતા કે મૌલિકતા તરવરી રહી છે કે: 'સર્વ પ્રાણીમાત્ર ત્રસ કે સ્થાવર જીવોની રક્ષા તેનાં આદર્શમાં રહેલી છે' જ્યારે ગાંધીજીનું ઉપર મુજબનું પ્રતિપાદન, જૈનધર્મની અહિંસાની સ્હામે કેવળ કટાક્ષરૂપ બને છે. જૈનધર્મે લોકોત્તર અહિંસાની સાચી સાધનાને સારૂ કઠીનમાં કઠીન એવાં તપશ્ચરણુ અને અપૂર્વ સંયમસાધના ઉપદેશી છે. આચારો તેમજ વિચારો વિષેની ખૂબજ કડકતા આ કારણે જૈનધર્મે સ્વીકારી છે. જગતની ચોમેર આમાંનું કશું શોધ્યું—લાધે તેમ નથી આ વસ્તુ સ્પષ્ટ દિવા જેવી છે. એટલે મનુષ્યથી

આગળ વધતી યાવત્ જીવમાત્રની અહિંસા-થીજ જગતના જીવો પોતાનું સાચું હિત સાધી શકવાના છે, જ્યારે ગાંધીજીની હંમેશાં નવી નવી મર્યાદાઓથી સંકુચિત બનતી તરંગી અહિંસાથી બેશક બાવાંનાં બેય બગડવાનો સંભવ છે.

છેલ્લે ગાંધીજીનું આ વિધાન અમને ગાંધીજી જેવા રાજદ્વારી પુરૂષને માટે ખૂબ ઉતાવળીયું લાગે છે. તેઓ બોલે છે કેઃ— 'આપણે માત્ર જીવદયા પાળીને કામક્રોધાદિને જીતી શકવાના નથી. એ છ શત્રુને જીતવા સારૂ તો મનુષ્યની મનુષ્ય પ્રત્યેની અહિંસા જ કામ આવે છે'. ગાંધીજીનું આ એક કારમું અજ્ઞાન છે, અજ્ઞાનના ભયંકર ભૂતાવળમાં અટવાતા ગાંધીજીની દયનીય દશાને અંગે અમને ખૂબ જ લાગી આવે છે. 'कर्मणां

गहना गतिः' એ શાસ્ત્રઘડયું આશ્વાસન અમને યાદ આવે છે. કર્મોની ગતિ ગહન છે. સાચે ગાંધીજી પોતાને આજે ભૂલી રહ્યા છે, આ કારણે એમનાં વચનોમાં આવી આવી અસંગત, મનઘડંત કલ્પનાઓ રજુ થતી જોઈ શકાય છે.

ગાંધીજીને હજુ અમારે આની સ્હામે એજ કહેવાનું રહે છે કે: 'જીવદયાના વાસ્તવિક અને સંપૂર્ણ પાલન વિના કોઇ કાલે કોઈપણ આત્મા, કામક્રોધાદિને જીતી શકનાર નથી, ભૂતકાલમાં ન હતો અને ભાવિકાલે કોઇનો પણ કષાયજય, જીવદયાથી પૂનીત બનેલી પ્રવૃત્તિઓ વિના શક્ય જ નથી. આ સનાતન સત્ય છે, ત્રિકાલાબાધ્ય સિદ્ધાન્ત આજ છે. આનો અપલાપ થઇ શકે તેમ નથી. કરી શકાય તેમ નથી. તેમ કરવાનું સામર્થ્ય કોઇનામાં

નથી. જે સાચું છે તે જ આ છે. મનુષ્ય મનુષ્ય પ્રત્યેની સાચી અહિંસા પણ ત્યારે જ આવી શકશે કે જ્યારે જૈનધર્મે ઉપદેશેલી અહિંસાનું શ્રદ્ધાપૂર્વકનું પાલન હશે.

આવા આત્માઓ કદિકાલે દંભી નહિ જ હોય, તે હશે પવિત્રતમ મહાન આત્માઓ. બાકી જગતમાત્રને સારૂ જૈનધર્મે જે અનુપમ અને અણમોલ આચાર કે વિચારોનો પવિત્ર વારસો મૂકયો છે, તેને મેળવવાનું સૌભાગ્ય કોઈક વિરલ આત્માઓને જ સાંપડે છે. બાકી આ સિવાય આવા સૌભાગ્યવિહોણા આત્માઓ માટે મિથ્યાત્વનાં ઘનઘોર અંધકારમાં આથડી મરવાનું જ રહે છે.

અહિંસાને અંગે ગાંધીજીનું વળી એ વિચિત્ર ભ્રમપૂર્ણ મન્તવ્ય છે કે: 'દુ:ખથી રીબાતા જીવોને મારી નાખવામાં કે તેને ઝેરની પીચકારી

દેવામાં હું જીવદયા જોઉં છું, તેમ કરવામાં અહિંસા થાય છે એમ હું માનું છું’ આની સ્હામે જૈનદર્શનના સામાન્ય તત્ત્વજ્ઞાનને સમજનારનો આ એક જ જવાબ છે–અમારો પણ તે જ છે–કારણ કેઃ આપણે જાણીયે છીએ કેઃ જગતના સર્વ જીવો કર્મવિવશ છે. શુભ યા અશુભ કર્મના યોગે સંસારવર્તી આત્માઓ સુખ કે દુઃખની પ્રાપ્તિ કરે છે. આથી ભૂતકાલીન પાપ કારવાઇના પરિણામરૂપ દુઃખ–અશાતાને વેદતા જીવોને જોઈને સ્વયં હિંસા આદિ પાપોથી છુટવાનો શુભ સંકલ્પ કરવો જોઇએ. અને એ આત્માઓને પાપનું સ્વરૂપ, પાપબંધના નિમિત્તો, વળી પાપની પરિણામકટુતા વગેરે સમજાવીને તેઓને સમાધિમાં રાખવા પ્રયત્નશીલ બનવું. જેઓ ન સમજી શકે તેવું હોય તેઓની પ્રત્યે કરૂણા દૃષ્ટિ

રાખવી. પણ 'દુખથી રીબાતા જીવોને મારી નાખવાથી તેઓની કે કોઈની દયા નથી જ' આ વસ્તુ ભૂલવી જોઇએ નહિ. કારણ કેઃ દુઃખ એ જ્યારે અશાતાના ઉદયથી આત્માને પ્રાપ્ત થાય છે, તો આત્માની સાથેનો આ શરીરનો સંયોગ બળાત્કારે ટાળી દેવાથી તે આત્માઓ શું કદિ કાલે દુ:ખમુક્ત બની શકે કે ? કપડાં કાઢી નાખવાથી કે ફાડીનાખવાથી શરીરનો જુગજૂનો વ્યાધિ ટળી શકે શું ?

હકીકત એ છે કેઃ ગમે તેવી મરણકાલની આખર સ્થિતિમાં રોગોથી રીબાતો જીવ મરવાને ઇચ્છતો નથી. મરણ તેને ગમતું નથી. આપઘાત કરનારાઓ પણ અવશ્ય મરણની ઘોર વેદનાઓથી ડરે છે. અજ્ઞાનતાથી તે આત્માઓ મરવાને ઉતાવળીયા બની જાય છે પણ દીવાની જ્યોતમાં ઝંપલાતા પતંગીયાની

જેમ તે આત્માઓ પણ પરવશ બનીને પ્રાયઃ દુર્ધ્યાનથી રીબાતા કારમી યાતનાઓને ભોગવીને છેવટે મરણને શરણ થાય છે. એટલે દુઃખથી રીબાતો કોઇપણ જીવ, મરવાને ઇચ્છતો નથી એ વાત ચોક્કસ છે. આ સ્થિતિમાં વિવેકી ધર્મશીલ આત્માઓનું કર્તવ્ય છે કેઃ 'તેઓએ તે જીવોને સમાધિમાં રાખવાના પ્રયત્નો કરવા જોઇએ.'

આ સિવાય દુઃખનાં નિવારણનો અન્ય ઉપાય વાસ્તવિક નથી. હા, ઔષધ આદિના સાધનોથી સ્હામાના દુઃખનો પ્રતિકાર છે, પણ દુઃખોને નિવારવાની તેની શક્તિ નહિવત્ છે. બીજું, દુઃખથી રીબાતા જીવોને મારવામાં જો જીવદયા થતી સ્વીકારીએ તો હિંસા એ ધર્મ બની જવાનો ભય રહેશે. વળી જ્ઞાનીપુરૂષોની દૃષ્ટિયે સાધનસંપન્ન સુખી જીવો કે જે વર્તમાનકાલમાં અનેક પ્રકારના પાપોને આચરી

રહ્યા છે તે જીવો દુઃખી છે, કારણ કે: દુઃખની પરંપરાનાં મૂળને તેઓ જાણે અજાણે સીંચી રહ્યા છે, તો તેઓને પણ મારવા જોઇએ. માટે જ અહિંસાના વાસ્તવિક માર્ગથી વિમુખ બનેલાઓ આવા પ્રકારની મિથ્યા કલ્પનાઓથી પોતાના અને પરના હિતની કારમી કતલ કરી રહ્યા છે. હા!! અજ્ઞાન, કેવું મહાપાપ!!

જીવહિંસા એ નિન્દનીય પાપ છે. આથી જીવહિંસાના પાપથી સર્વ ધર્મીજીવોએ અવશ્ય દૂર રહેવું જોઇએ. જીવહિંસાનો ત્યાગ કરવાની ભાવનાવાળા જીવોએ સર્વથી પ્રથમ દારૂ, માંસ વગેરેનો અવશ્ય ત્યાગ કરવો જ જોઇએ. આના ત્યાગ વિના અને ખાવાપીવામાં ભક્ષ્યાભક્ષ્ય કે પેયાપેયના વિવેક વિના જૈનધર્મની અહિંસા જીવનમાં આવી કે ટકી શકતી નથી. કારણ કે: મદિરા, જીવને મોહમૂઢ બનાવે છે.

અને મોહમૂઢ આત્માઓ બેશક ભાનભૂલા બનીને હિંસા આદિ પાપક્રિયાઓને નિઃશંક રીતે આચરે છે. મદિરાપાનથી ઉપજતું આ ભાવિ પરિણામ છે. જ્યારે મદિરાનું પીણું સ્વયં હિંસારૂપ છે. કારણ કેઃ મદિરામાં ઘણા રસથી અનેક પ્રકારનાં જીવોની ઉત્પત્તિ થાય છે. આથી જીવોનું નિવાસસ્થાન મદિરા છે. તેને પીવાથી સઘળાયે જીવોનો ભયંકર સંહાર થાય છે. એટલે મદિરાનું પીણું કેવળ જીવહિંસારૂપ છે.

તેવીજ રીતે, માંસનું ભક્ષણ પણ જીવહિંસાની ક્રિયા છે, કારણ સ્પષ્ટ છે; કોઇ પણ પ્રાણીને માર્યા વિના માંસની ઉત્પત્તિ શક્ય જ નથી. માંસને ખાનારો, આ કારણે તે તે જીવોના નાશમાં પોતે નિમિત્ત બને છે એમાં બે મત નથી જ. વળી આપમેળે આયુષ્યના

ક્ષયે મરેલા ભેંસ, બળદ આદિ જાનવરોના માંસને ખાવામાં પણ જીવહિંસા બેઠી છે. કારણ કે: 'માંસમાં અનન્ત જીવોની ઉત્પત્તિ થાય છે.' શ્રીસર્વજ્ઞ વીતરાગપરમાત્મા આ મુજબ સ્પષ્ટ ફરમાવે છે. આ વસ્તુ શ્રદ્ધાગમ્ય છે. સ્થૂલબુદ્ધિના જીવોને વ્યવહારમાં જેમ શ્રદ્ધાને પ્રધાન બનાવીને જ કાર્યની સાધના કરવી જરૂરી લાગે છે. તે મુજબ શ્રીજિનેશ્વરદેવના જીવદયાના સિદ્ધાન્તને સ્હમજવા માટે શ્રદ્ધા એ આવશ્યક છે.

આજે ગાંધીજીને માનનારાઓને પણ, ગાંધીજીએ બતાવેલી કે આચરેલી કેટલીયે બાબતોમાં કેવળ ગાંધીજી પરની ચુસ્તશ્રદ્ધાના નામે ચલાવી લેવું પડે છે, જેના સિદ્ધાન્તો તડકા છાંયાની જેમ પરિવતનને પામનારા છે અને જે સ્વયં અપૂર્ણ તેમજ

હજુ અભ્યાસી છે. તેવાનાં વચનોને પણ શ્રદ્ધાથી કેવળ સ્વીકારી લેવામાં જ ડહાપણ ગણાય છે. તો ભગવાન શ્રીસર્વજ્ઞપરમાત્માના વચનોને શ્રદ્ધાથી સ્વીકારનારનું એકાન્તે હિત જ સમાયેલું છે. આ કારણે જીવદયા—અહિંસામાં માનનાર કદિકાલે માંસભક્ષણનું પાપ સેવે જ નહિ. માંસના ભક્ષણથી જીવદયા રહી શકતી જ નથી. કારણ કેઃ માંસના ભક્ષણથી અનન્ત જીવોનો સંહાર થાય છે. માંસભક્ષણ કરનાર આથી હિંસા કરે છે, તે કદિકાલે અહિંસક રહી શકતો નથી. તેમજ અહિંસામાં માનનાર જૂઠ, ચોરી, અબ્રહ્મ કે પરિગ્રહ વગેરે મહાપાપો; તેમજ ક્રોધાદિ પાપોથી સદા દૂર જ રહે. રહેવાની પ્રવૃત્તિઓમાં હોય.

હિંસક પ્રાણીઓની હિંસા કરવામાં ગાંધીજી જીવદયા માને છે, આ એક નહિ

સમજી શકાય તેવી વાત છે. ગાંધીજી અને તેમના અનુયાયીઓએ સમજવું જોઈએ કે: 'અહિંસા જ પરમધર્મ' તરીકે અનાદિકાલથી રૂઢ બનેલ છે, આથી હિંસા એ કોઈપણ કાળે કોઈપણ સંયોગોમાં ધર્મ્ય ન હોઈ શકે. કારણ કે: હિંસા, એ ત્રણેય કાલમાં પાપ જ ગણાય છે. જ્યારે કહેવામાં આવે છે કે: 'હિંસક પ્રાણિઓને મારવાથી તેને હાથે થનારી જીવહિંસા અટકી જાય છે. આથી અનેક પ્રાણીઓનું રક્ષણ થાય છે. માટે હિંસક પ્રાણીઓને મારવાથી લાભાલાભની દૃષ્ટિયે–નફાતોટાના વ્યાપારી ધોરણે પાપ નથી થતું.'

આ દલીલ વ્યાજબી નથી. કોઈપણ સહૃદય જીવદયાપ્રેમીના હૈયામાં બેશક ઉતરે તેવી નથી જ. જો હિંસકોની હિંસા કરવી કે હિંસકોને મારી નાખવાનું કાર્ય એ જીવદ-

યાની ભલી લાગણીપૂર્વકનું ધર્મકાર્ય ગણાતું હોય તો હરેક જીવદયામાં માનનારાઓએ જીવરક્ષા કરતાં જીવહિંસા માટે વધુ તૈયાર રહેવું પડશે. કારણુ કે: જગતમાં હિંસક નહિ એવું કોણુ છે ? કોઇ વર્તમાનકાલે હિંસા કરી રહ્યું છે, કોઇ ભૂતકાલમાં ભયંકર હિંસાઓને આચરનાર હતું, જ્યારે કોઈ વળી ભાવિકાલમાં કદાચ સર્વપ્રકારના જીવસંહારની પ્રવૃત્તિઓને આચરનાર હોવાની સંભવના છે, એટલે આ બધા જીવોને જીવતા રહેવા કેમ દેવાય ? આથી જીવદયાપ્રેમીને માથે એ ધર્મફરજ આવી ઉભી રહે છે કે તેણે આ જીવોનો નાશ કરવાને સારૂ હાથમાં હિંસક શસ્ત્રો લઇને ફરવું જ રહ્યું. માટે અહિંસાના તત્વજ્ઞાનને સ્હમજનારા જીવદયાપ્રેમીઓએ આવી વાહીયાત વાતોથી ખૂબ જ સાવધ રહેવું

જોઇએ. પોતાના આત્મપરિણામને કોમળ રાખવાને સારૂ તેઓએ સ્હેજ પણ હિંસાની વાતથી આઘા ખસી જવાની જરૂર રહે છે, આમાં જ સ્વ અને પરની સાચી ભાવદયા વસી છે.

શ્રી જૈન સ્વાધ્યાય મંદિર [પ્રકાશન વિભાગ]

[પૂ. આ. શ્રી વિજયદાનસૂરિ જૈન જ્ઞાનમંદિર-
-દ્વારા સંચાલિત]

સાવરકુંડલા: કાઠીયાવાડ:

ઉદ્દેશ :

જૈન સંસ્કૃતિના ધ્યેયને કેન્દ્ર કરી; શિષ્ટ, સંસ્કારી અને લોકભોગ્ય સાહિત્યનો પ્રચાર કરવા [દ્વારા શ્રીવીતરાગ ધર્મની આરાધનાની દૃષ્ટિયે] વફાદારી પૂર્વક પ્રયત્નો કરવા.

વ્યવસ્થા :

કોઇપણ પ્રકારના અર્થલાભની અપેક્ષા વિના, કેવળ ધર્મસાહિત્યની સેવા માટે, યોગ્ય પ્રકાશનોને [ગ્રન્થમાળાઓ કે સામયિકો દ્વારા]

પ્રસિદ્ધ કરી, વિના મૂલ્યે, અલ્પમૂલ્યે કે અર્ધ મૂલ્યે યા મૂલમૂલ્યે જૈન-જૈનેતર સમાજના જિજ્ઞાસુ, ધર્મશીલ અને સંસ્કારી વર્ગને પહોંચતા કરવા.

પ્રકાશનો :

૧ માધુકરી : જેમાં શિક્ષણ વિષયક મનનીય સાહિત્ય રજુ થયું છે : **૨ સ્વાધ્યાય પુષ્પમાલા :** યોગશાસ્ત્ર, જ્ઞાનસાર, અષ્ટક પ્રકરણ, આ ત્રણ મૂલ ગ્રન્થો કે જે સ્વાધ્યાય ખપી અધિકારી વર્ગને ઉપયોગી છે. **૩ દિવ્યદર્શન :** માનવતાનાં મૂલ્યને સમજાવતાં દિવ્ય-તત્ત્વોનું દર્શન કરાવનાર, સુંદર ગ્રન્થ; **૪ તત્વાર્થાધિગમસૂત્ર :** પૂ૦ વાચકવર શ્રીઉમાસ્વાતિ વિરચિત જૈનતત્ત્વજ્ઞાનનો સંગ્રહ ગ્રન્થ : પરિશિષ્ટો, ભૂમિકા વગેરેથી સમૃદ્ધ અપૂર્વ પ્રકાશન; (આ ગ્રન્થો હાલ અમારી પાસે હવે રહ્યા નથી)

નવાં પ્રકાશનો :

૧ **ધન્યજીવન :** ગૃહસ્થ જીવનમાં શ્રી વીતરાગ પરમાત્માના ધર્મના આરાધક આત્માઓ માટે આચારો તેમજ વિચારોની શુદ્ધિના માર્ગમાં કેટલુંક માર્ગદર્શન આપનારો આ કોટિનો અનુપમ ગ્રન્થ : કાગળોની મોંઘવારીના સમયમાં, જૂજ નકલો જ પ્રસિદ્ધ થશે. ૨ **જૈન રામાયણનાં વિવેચનો :** [ભા. ૧] કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી રચિત–'શ્રી જૈન રામાયણ' પરનાં તલસ્પર્શી વિવેચનો; જેમાં પ્રસંગોનાં સળંગ નિરૂપણ દ્વારા આરાધનાના અર્થિ આત્માઓને ઉત્તમ બોધ; વીતરાગ ધર્મનો ધર્મ; વગેરે જાણુવા જેવું મળી રહે છે. કે, જે વર્તમાનકાલના વિષમ વાતાવરણમાં આત્માને કલ્યાણના માર્ગમાં આલં-

બન આપી શકે તેમ છે. પૂ. પ્રવચનસાર શ્રી જૈન રામાયણ પરનાં અત્યાર સુધીનાં સઘળાંયે પ્રકાશનોમાં, આ પ્રકાશન અપૂર્વ કોટિનું રહેશે. (આ બંને પ્રકાશનોનાં મૂલ્ય: ખર્ચને પહોંચી વળવા પૂરતાંજ રહેશે.)


: પત્ર વ્યવહાર :

વ્ય. સોમચંદ ડી. શાહ
C/o શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મહેસાણા. [ઉ. ગૂજરાત]

પ્રકાશક :
સોમચંદ ડી. શાહ
વ્ય. શ્રી જૈન સ્વાધ્યાય મંદિર
C/o શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મહેસાણા. [ઉ. ગૂજરાત]

પ્રત ૧૨૫ : દ્વિતીય સંસ્કરણ
મૂલ્ય : ૦-૬-૦
તા. ૨૫-૧૨-૪૩

મુદ્રક :
હીરાલાલ દેવચંદ શાહ
શ્રી શારદા મુદ્રણાલય
પાનકોર નાકા—અમદાવાદ.



મંગલનો માર્ગ : ધર્મ

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो।
देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो॥

—श्रीदशवैकालिकसूत्र

શારદા મુદ્રણાલય, જુમ્મામસ્જીદ સામે, અમદાવાદ.